જામનગરમાં એરફોર્સનાં બે હેલીકોપ્ટર ટકરાયાં : ૯ નાં મોત

જામનગરમાં એરબેઝથી ઉડાણ ભર્યા બાદ દુર્ઘટના : માર્યા ગયેલામાં આઇએએફના ઓફિસરો સામેલ

અમદાવાદ, તા.૩૦

ભારતીય હવાઇ દળનાં બે એમઆઇ-૧૭ હેલિકોપ્ટર આજે જામનગરમાં જિલ્લાનાં સરમત ગામ નજીક વાયુસેનાના એરબેઝથી ઉડાણ ભર્યા બાદ તરત જ આકાશમાં ટકરાઇ જતાં વિંગ કમાન્ડર, ફ્લાઇંગ ઓફિસર અને સાર્જન્ટ સહિત નવ લોકો બળીને ભડથું થઇ ગયા હતા. માર્યા ગયેલાઓમાં નવ આઇએએફનાં જવાનોનો સમાવેશ થાય છે. જેમાં પાંચ ઓફિસરો અને અન્ય રેંકનાં અધિકારીનો સમાવેશ થાય છે. આઇએએફનાં પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું હતું કે જામનગર શહેરથી આશરે ૧૫ કિલોમીટરનાં અંતરે સ્થિત સરમત ફાયરિંગ રેન્જ નજીક આ બનાવ બન્યો હતો. હવાઇ દળે સમગ્ર મામલામાં તપાસનો આદેશ આપી દીધો છે. રશિયન બનાવટનાં આ હેલિકોપ્ટર ટ્રેનિંગ ઉડાણ ઉપર હતા. ત્યારે આ બનાવ બન્યો હતો. જામનગર એરબેઝ પરથી ૧૨.૦૦ વાગે આ હેલિકોપ્ટરોએ ઉડાણ ભરી હતી. આ હેલિકોપ્ટરો એક બીજાની નજીક ઉડાણ ભરી રહ્યા હતા. તેજ વેળા તેમનાં ઉપરનાં હિસ્સા એકબીજાનાં સંપર્કમાં આવી જતા દુર્ઘટનાં સર્જાઇ હતી. હેલિકોપ્ટરનો કાટમાળ ચારેય બાજુ વિખેરાઇ ગયો હતો.

ઘટનાને પગલે જામનગર ફાયર અને પંચકોશી 'બી' ડીવીઝન પોલીસ મથકનો કાફલો તાબડતોબ ઘટના સ્થળે દોડી ગયો હતો. હાલમાં તમામના મૃતદેહને પોસ્ટમોર્ટમ ખાતે જામનગર વાયુસેનાની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હોવાનું પોલીસ સૂત્રો જણાવી રહ્યા છે. ઘટનાને પગલે વાયુસેનાના ઉચ્ચ અધિકારીઓ પણ મોટી સંખ્યામાં દોડી આવ્યા હતા. ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે આજે સવારે જામનગર એયરબસથી એમઆઇ-૧૭ હેલીકોપ્ટરે દરરોજની માફક અભ્યાસ માટે ઉડાન ભરી હતી. આ બંને હેલીકોપ્ટરમાં વીંગ કમાન્ડર, ફ્લાઇંગ ઓફિસર અને સાર્જન્ટ હાજર હતા. દરમ્યાનમાં બપોરના સુમારે જામનગરથી ૧૬ કીલોમીટર દૂર ખંભાળીયા હાઇવે પરના સરમત ગામે બંને હેલીકોપ્ટર સામસામે અથડાયા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ બંને હેલીકોપ્ટરમાં દારુગોળો પણ હોવાથી બંને હેલીકોપ્ટર

ટકરાવાની સાથે જ આગની લપેટમાં આવી ગયા હતા. અને બંને હેલીકોપ્ટરમાં હાજર વીંગ કમાન્ડર સહિતના નવ લોકો બળીને ભડથું થઇ ગયા હતા. ઘટનાને પગલે ગ્રામજનોના ટોળે-ટોળા ઘટના સ્થળે દોડી આવ્યા હતા. આ અંગેની જાણ કરાતા ફાયરબ્રિગેડ અને પંચકોશી 'બી' ડીવીઝન પોલીસ મથકના પી.એસ.આઇ. ડી. બી. ઝાલા સહિતનો કાફલો તાબડતોબ ઘટના સ્થળે દોડી ગયો હતો. આ અંગેની જાણ કરાતા વાયુસેનાના ઉચ્ચ અધિકારીઓ તુરંત દોડી આવ્યા હતા. મૃતક લોકો બળીને ભડથું થઇ ગયા હોવાથી તેમની ઓળખ માટે તેમના પરિવારજનોની મદદ લેવી પડી હોવાનું સુત્રો જણાવી રહ્યા છે. ટ્રાન્સપોર્ટેશન અને યુદ્ધની કામગીરીમાં વપરાતા એમઆઇ-૧૭ હેલિકોપ્ટર ટકરાઇને આગની લપેટમાં આવી જતાં આ મામલે સઘન તપાસ શરૂ કરી દેવાઇ છે. હાલમાં આ મામલે પંચકોસી 'બી' ડીવીઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે. દરમિયાન હેલીકોપ્ટર ટકરાયા બાદ લાગેલી આગમાં વીંગ કમાન્ડર સહિત નવ લોકો બળીને ભડથું થઇ ગયાની ઘટનાને પગલે ભારે ચકચાર મચી ગઇ છે. મૃતકોની ઓળખ કરવામાં ભારે મુશ્કેલી પડી હતી. આ અંગે પંચકોશી 'બી' ડીવીઝન પોલીસ મથકના પી.એસ.આઇ. ઝાલાએ જણાવ્યું હતું કે, ભારે જહેમત બાદ તમામ મૃતકોની ઓળખ કરી લેવાઇ છે અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે એરફોર્સની હોસ્પિટલ ખસેડાયા છે.

મૃતકોના નામની યાદી

ભારતીય હવાઇ દળનાં બે એમઆઇ હેલિકોપ્ટર આજે આકાશમાં અથડાઇ જતાં નવનાં મોત થયા હતા. મૃતકોમાં આઇએએફનાં અધિકારીઓ પણ સામેલ છે. મૃત્યુ પામેલાઓની ઓળખ કરી લેવામાં આવી છે. જો કે તેમની સંપુર્ણ ઓળખ હજુ બાકી છે. મૃત્યુ પામેલાઓની યાદી નીચે મુજબ છે.

(૧) અશેષ શર્મા (વીંગ કમાન્ડર)
(૨) વી. મનોજ (સ્કવોડન લીડર)
(૩) એચ. કે. પટેલ (સાર્જન્ટ)
(૪) આર. કે. રાણા (સાર્જન્ટ)
(૫) વિક્રમસીંગ
(૬) સમીર સકસેના
(૭) મુરુગન
(૮) સહાની

દુર્ઘટનાની સાથે સાથે...

- જામનગર એરબેઝથી ઉડાણ ભર્યા બાદ દુર્ઘટનાં થઇ
- બે એમઆઇ-૧૭ હેલિકોપ્ટર હવામાં ટકરાયા
- મૃતકોમાં પાંચ આઇએએફ ઓફિસરો અને ચાર અન્ય રેંકનાં ઓફિસર સામેલ
- જામનગર શહેરથી ૧૫ કિલોમીટરનાં અંતરે સ્થિત સરમત ફાયરીંગ રેન્જ ખાતે દુર્ઘટનાં થઇ
- રશિયન બનાવટનાં હેલિકોપ્ટર નિયમીત ઉડાણ ઉપર હતા ત્યારે દુર્ઘટનાં
- બપોરે ૧૨.૦૦ વાગ્યાની આસપાસ દુર્ઘટનાં સર્જાઇ
- સમગ્ર મામલમાં તપાસનો આદેશ અપાયો
- ફાયર બ્રિગેડ અને આસપાસનાં લોકો તરત જ પહોંચી ગયા
- કાટમાળમાં લાગેલી આગ પર કાબુ મેળવી લેવાયો
- ઇન્ડિયન એર ફોર્સનાં અધિકારી, પોલીસ અધિકારીઓ અને જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઇ
- હેલિકોપ્ટરનો કાટમાળ દુર્ઘટના બાદ ચારેય બાજુ ફેલાયો

એસએમએસ અને એમએમએસ પરનો પ્રતિબંધ આખરે ઉઠાવાયો

નવી દિલ્હી, તા.૩૦

સરકારે તાત્કાલિક અમલ સાથે એસએમએસ અને એમએમએસ પર લાદવામાં આવેલા પ્રતિબંધને ઉઠાવી લીધો છે. ૩૧મી ઓગસ્ટની અગાઉ નક્કિ કરવામાં આવેલી સમય મર્યાદાના એક દિવસ પહેલા જ સરકારે વધુ સંખ્યામાં એસએમએસ અને એમએમએસ ઉપરનો પ્રતિબંધ ઉઠાવી લીધો છે. તાજેતરમાં જ ઉત્તર પુર્વીય રાજ્યોના લોકોની મોટા પાયે હિજરત બાદ એમએમએસ અને એસએમએસ પર પ્રતિબંધ મુકવાનો નિર્ણય લેવાયો હતો. ટેલિકોમ મંત્રાલય દ્વારા ગૃહ મંત્રાલયના આદેશ બાદ ૧૭મી ઓગસ્ટના દિવસે ૧૫ દિવસ માટે પ્રતિબંધ લાગુ થયો હતો. મોડેથી ૨૪મી ઓગસ્ટનાં દિવસે આ પ્રતિબંધની સમીક્ષા કરવામાં આવી હતી. તે વખતે ટેલિકોમ મંત્રાલય દ્વારા પાંચ એસએમએસની મર્યાદાને વધારીને ૨૦ એસએમએસ કરી દીધી હતી. ગુરૂવારના દિવસે એટલે કે આજે આ મામલાની ફરી ચકાસણી કરવામાં આવ્યા બાદ મંત્રાલયે પ્રતિબંધ તાત્કાલિક ધોરણે ઉઠાવી લીધો છે. તાત્કાલિક અમલ સાથે કેટલી પણ સંખ્યામાં હવે લોકો ટેક્સ્ટ મેસેજો અને એમએમએસ કરી શકશે. ગૃહ મંત્રાલય દ્વારા આ અંગે જાણ કરી દેવામાં આવી છે. પક્ષની લાઇનથી દુર હટીને સાંસદોએ અફવાઓને રોકવા માટે ફુલપ્રુફ વ્યવસ્થા ગોઠવી ગાઢવા રજુઆત કરી હતી. ચોક્કસ રાજ્યોમાં ઉત્તર પુર્વમાંથી લોકોની હિજરત બાદ પ્રતિબંધ લદાયો હતો.

એનઆરએચએમ કૌભાંડ સંબંધે ગુજરાત-ઉત્તર પ્રદેશમાં દરોડા

લખનૌ, તા.૩૦

સમગ્ર દેશને હચમચાવી મુકનાર નેશનલ રૂરલ હેલ્થ મિશન (એનઆરએચએમ)માંથી ફંડની ઉચાપતનાં મામલામાં સીબીઆઇએ આજે ઉત્તર પ્રદેશ અને ગુજરાતમાં ઘણી જગ્યાએ દરોડા પાડતા સનસનાટી મટી ગઇ હતી. સીબીઆઇએ દરોડાની કામગીરી સવારે ગુપ્ત રીતે હાથ ધરી હતી. આ કામગીરીમાં મોટી સંખ્યામાં અધિકારીઓ જોડાયા હતા. સીબીઆઇ સુત્રોએ કહ્યું છે કે સીબીઆઇની ટીમે ઉત્તર પ્રદેશનાં ગાજિયાબાદ, લખનૌ અને આગ્રામાં દરોડા પાડ્યા હતા. જ્યારે ગુજરાતમાં વાપીમાં દરોડા પાડ્યા હોવાના અહેવાલ મળ્યા છે. સીબીઆઇ સુત્રોએ કહ્યું છે કે આ પગલાનાં લીધે સંબંધીત અધિકારીઓમાં ખળભળાટ મચી ગયો છે. અલાહાબાદ હાઇકોર્ટની લખનૌ બેન્ચ દ્વારા તપાસનાં સંબંધમાં આકરી ટીકા કરાયા બાદ તપાસ હાથ ધરાઇ છે. દરોડા દરમિયાન દસ્તાવેજોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. ગઇકાલે અલાહાબાદ હાઇકોર્ટની લખનૌ બેન્ચે તે મામલામાં વધુ તપાસ કરવા માંગે છે કે પછી તપાસ છોડી દેવા માંગે છે તે અંગે સીબીઆઇને પ્રશ્ન કર્યો હતો. જસ્ટીસ ઇમ્તિઆઝ મુર્તજા અને એકે સિંહની બનેલી બેન્ચે તપાસ ખુબ ધીમી ગતિએ વધી રહી છે તે અંગે પણ પ્રશ્નો કર્યા હતા. બે મુખ્ય મેડિકલ ઓફિસર બીપી સિંહ અને વીકે આર્યાની હત્યા અને ગેરરીતિનાં મામલામાં જાહેરહિતની અરજી પર સુનાવણી વેળા બેન્ચે સીબીઆઇના અધિકારીઓ સામે સમન્સ જારી કરીને ૧૨મી સપ્ટેમ્બરમાં દિવસે તેમની સમક્ષ ઉપસ્થિત થવા સુચના આપી હતી. આ મેડિકલ ઓફિસરોની હત્યા કરી દેવામાં આવી હતી. આ બંને અધિકારીઓએ નેશનલ રૂરલ હેલ્થ મિશનમાં ગેરરીતિનાં મામલામાં ઉંડી તપાસ હાથ ધર્યા બાદ તેમની હત્યા કરી દેવાઇ હતી. રાજકારણીઓ, અધિકારીઓ, મેડિકલ ઓફિસરો ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્ય સંભાળની વ્યવસ્થાને સુધારવા હાથ ધરવામાં આવેલા કેન્દ્ર સરકારના કાર્યક્રમ નેશનલ રૂરલ હેલ્થ મિશનમાંથી ૧૦૦૦૦ કરોડની ઉચાપત કરી લીધી હતી. એજેન્સીએ આ કૌભાંડમાં જે લોકોનાં નામ આપ્યા હતા તેમાં ભુતપુર્વ પ્રધાન બાબુસિંહ કુશવાહ અને ઇન્ડિયન એડમિસ્ટ્રેટીવ સર્વિસ (આઇએએસ) ઓફિસર પ્રદિપ શુક્લાના નામ આપ્યા હતા.

સાનિયા મીર્ઝાની મિક્સ્ડ ડબલ્સમાં આગેકૂચ જારી

ન્યુયોર્ક, તા.૩૦

ભારતની સ્ટાર ખેલાડી સાનિયા મિર્ઝા યુએસ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં મિક્સ ડબલ્સમાં બીજા રાઉન્ડમાં પ્રવેશ કરી ગઇ છે પરંતુ મહેશ ભુપતી અને રોહન બોપન્નાની ભારતીય જોડીને મોટો ફટકો પડ્યો છે. ભુપતી અને બોપન્નાની જોડી પુરૂષોની ડબલ્સ સ્પર્ધામાં પ્રથમ રાઉન્ડમાં જ ફેંકાઇ ગઇ છે. જેથી ભારત માટે યુએસ ઓપનનો ત્રીજો દિવસ મીશ્ર રહ્યો હતો. જુલાઇ મહિનામાં ઓલિમ્પિકમાં આ જોડી એક સાથે રમી ન હતી. સાનિયા મીર્ઝા અને ઇંગ્લેન્ડનાં ખેલાડી કોલિન ફ્લેમીંગની જોડીએ મિક્સ ડબલ્સમાં પેટકોવિક અને બુટારાકની જોડી પર ૬-૨, ૭-૬થી જીત મેળવી હતી. સાનિયા અને ફ્લેમીંગની જોડી હવે બીજા રાઉન્ડમાં વધુ શક્તિશાળી જોડી સામે રમશે. બીજી બાજુ પુરૂષોની ડબલ્સમાં ભુપતી અને બોપન્નાની ફરીવાર હાર થઇ છે. ઓલ ઇન્ડિયા ટેનિસ એસોસીએશન સામે બળવો કરવા બદલ ભારતીય ડેવિસકપ ટીમમાંથી હકાલપટ્ટી કરવામાં આવેલા ભુપતી અને બોપન્નાની કારમી હાર થઇ છે. આઠમી ક્રમાંકિત ભારતીય જોડીની બિનક્રમાંકિત ઓસ્ટ્રેલિયન જોડી એબડેન અને ટોમીકની જોડી સામે ૩-૬, ૬-૭થી હાર થઇ હતી. પેસ તેના ચેક સાથી ખેલાડી સ્ટેપાનેક સાથે મળીને બીજા રાઉન્ડમાં પ્રવેશી ગયો છે.

સપ્ટેમ્બરના બીજા સપ્તાહમાં કેબિનેટમાં મોટા પાયે ફેરફાર કરવા તખ્તો તૈયાર

નવી દિલ્હી, તા.૩૦

વડાપ્રધાન મનમોહનસિંહ સપ્ટેમ્બરના બીજા સપ્તાહમાં કેબિનેટમાં મોટાપાયે ફેરફાર કરવા તૈયારી કરી ચૂક્યા છે. મળેલી માહિતી મુજબ એસએમ કૃષ્ણા અને જયપાલ રેડ્ડી જેવા શક્તિશાળી નેતાઓને રાજ્યોમાં મોકલી દેવામાં આવશે. તેમના ખાતાઓ અન્યોને સોંપવામાં આવશે. ટોચના કોંગ્રેસી નેતાઓએ આ અંગેની વાત કરતા જણાવ્યું છે કે કેબિનેટમાં ફેરફાર વેળા ઘણા લોકોના ખાતાઓમાં ફેરફાર કરાશે. ધરખમ ફેરફારને લઈને લોબીની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. મળેલી માહિતી મુજબ પેટ્રોલિયમ, વિદેશ મંત્રાલય, માર્ગ, વીજળી અને રાજમાર્ગ, માહિતી અને પ્રસારણ સહિતના ખાતાઓમાં ફેરફાર થઈ શકે છે. હજુ સુધી અંતિમ નિર્ણય કરવામાં આવ્યો નથી પરંતુ કોઈપણ સમયે અંતિમ નિર્ણય લેવામાં આવી શકે છે. કેટલાક ખાતાઓમાં ફેરફાર કરીને આ ખાતાઓમાં અસરકારક સભ્યોને મૂકવામાં આવશે. છેલ્લા ઘણા દિવસથી વડાપ્રધાન મનમોહનસિંહ અને સોનિયા ગાંધી વચ્ચે વાતચીત ચાલી રહી છે. ગુજરાત સહિત આગામી વિધાનસભાની ચૂંટણીમાં પક્ષની સ્થિતિને મજબૂત કરવાના હેતુસર આ ફેરફાર કરવામાં આવી શકે છે. આરોગ્ય પ્રધાન ગુલામ નબી આઝાદને રેડ્ડીની જગ્યાએ પેટ્રોલિયમ ખાતુ સોંપવામાં આવે તેવી શક્યતા છે. એવું પણ જાણવા મળી રહ્યું છે કે જયપાલ રેડ્ડીને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવી શકે છે પરંતુ આ બાબતને સંપૂર્ણપણે સમર્થન મળ્યું નથી. આઝાદના નામ પર વિચારણા ચાલી રહી છે. આઝાદને વીજળી ખાતું પણ સોંપી શકાય છે જે હાલ કોર્પોરેટ બાબતોના પ્રધાન વિરપ્પા મોઈલીના કામ ચલાઉ દેખરેખ હેઠળ છે. લોકોનું કહેવું છે કે વિદેશ મંત્રી એએમ કૃષ્ણાને કર્ણાટકમાં પક્ષની સ્થિતિને મજબૂત બનાવવાની જવાબદારી સોંપવામાં આવી શકે છે. આગામી વર્ષે કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન આનંદ શર્મા તેમની જગ્યા લઈ શકે છે. અંબિકા સોની અને સીપી જોષીને ક્રમશ માહિતી અને પ્રસારણ તથા માર્ગ પરિવહનમાંથી ખસેડી શકાય છે. અંબિકા સોની સરકારમાં જ રહેશે જ્યારે જોષીને આગામી વર્ષે મોડેથી રાજસ્થાનમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીની જવાબદારી સોંપવામાં આવી શકે છે. ગ્રામીણ વિકાસ પ્રધાન જયરામ રમેશને વીજળી ખાતું સોંપવામાં આવે તેવી શક્યતા છે. જો કે તેમને આ ખાતુ આપવાને લઈને વિરોધ દેખાઈ રહ્યો છે.

વડાપ્રધાનની ક્ચેરી તરફથી હજુ સુધી કોઈપણ સંકેત આપવામાં આવ્યો નથી. કેન્દ્રીય કેબીનેટમાં ફેરફારને લઈને મનમોહનસિંહ અને સોનિયા ગાંધી વચ્ચે વાતચીતનો દોર સતત ચાલી રહ્યો છે. ટેલિકોમ અને માનવ સંશાધન વિકાસ ખાતુ ધરાવતા કપિલ સિબ્બલ માનવ સંશાધન ખાતુ ગુમાવે તેવી વકી છે.

જ્યારે શહેરી વિકાસ પ્રધાન કમલનાથને ઊંચું ખાતું સોંપવામાં આવી શકે છે. કમલનાથને ગ્રાસ રૂટના નેતા તરીકે ગણવામાં આવે છે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી સાથે તેમના ખૂબ સારા સંબંધ રહ્યા છે. કેટલાક નવા ચહેરાઓને સામેલ કરવામાં આવી શકે છે. મનીષ તિવારી અને રેણુકા ચૌધરી આમા દાવેદાર છે. રાષ્ટ્રપતિ કોંગ્રેસ પાર્ટીના નેતા તારીક અનવરને પણ વિશેષ જવાબદારી સોંપવામાં આવી શકે છે.

સમાચાર ઝલક

- **દિલ્હીમાં સતત ચોથા દિવસે અતિ ભારે વરસાદ, વાહનવ્યવહારને અસર થઇ.**
- **આસામમાં બંધના એલાન પર પ્રતિબંધ.**
- **અમેરિકામાં વાવાઝોડાં બાદ લાખો લોકો અંધારપટ હેઠળ ભારે વરસાદ, તોફાની પવનની અસર.**
- **ભાવનગરથી વેરાવળ સુધીનો હાઇવે ચાર માર્ગીય બનશે, રૂા. ૩૬૦૦ કરોડની મંજૂરી.**
- **રાયબરેલી-અમેઠીમાં પાવર કટ નહીં થાય, સોનિયા-મુલાયમસિંહની બેઠકમાં નિર્ણય.**
- **સલમાનખાને રૂા. ૪૦ લાખ ખર્ચીને ૪૦૦ કેદી છોડાવ્યા.**
- **મોબાઇલ હાથમાં પકડી રાખો, ચાર્જ થઇ જશે, શરીરની ગરમી વીજળીમાં રૂપાંતરિત થશે, નવી ટેક્નોલોજી.**
- **ટોટલી નવી થીમ સાથે 'કોન બનેગા કરોડપતિ' રજૂ થશે.**
- **હાઉસિંગ બોર્ડના ફોર્મ વિતરણ હાલ પૂરતાં તુર્ત મોકૂફ.**
- **અર્જુન એવોર્ડમાં ગુજરાત ફરી ખાલી હાથ.**
- **ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ૧૮મી સપ્ટેમ્બરે ૧૪,૦૦૦ સરપંચોને સન્માન કરાશે.**
- **ગુજરાતમાં ૧૦૪૩ ગીધ પક્ષીઓની સંખ્યા નોંધાઇ.**
- **લોકસભામાં હાજરી આપવામાં અડવાણી અવલ્લ, રાહુલ, અખિલેષ, સિધ્ધુ - આળસું.**
- **ગુજરાતમાં ૧૦૮ સેવાએ પાંચ વર્ષમાં ૧.૯૫ લાખ લોકોની જિંદગી બચાવી, ગરીબ અને મધ્યમવર્ગ માટે આશીર્વાદરૂપ.**
- **મોદી સરકારને તા. ૭મી ઓક્ટોબરે ૧૧ વર્ષ પૂર્ણ થશે. ભવ્યાતિભવ્ય ઉજવણી કરાશે, આચાર સંહિતા લાગુ પડે તો ભાજપ દ્વારા ઉજવણી થશે.**
- **ચોટીલા તાલુકાના ડાકવડલાની પ્રાથમિક શાળા દારૂડિયાના કાળા કેરથી ૮ દિવસથી બંધ, પોલીસ/શિક્ષણખાતું પારોઠના પગલાં.**

નિવૃત્તિની હાલ કોઈ યોજના હોવાનો તેન્ડુલકરનો ઈનકાર

બેંગ્લોર, તા.૩૦

માસ્ટર બ્લાસ્ટર બેટ્સમેન સચિન તેન્ડુલકરે આંતરરાષ્ટ્રિય ક્રિકેટમાં હાલ નિવૃત્તિ લેવાની કોઈ યોજના હોવાનો સાફ ઈન્કાર કરી દીધો છે. સચિને ઈન્કાર કર્યો છે કે તે હાલ ક્રિકેટમાં મજા માણી રહ્યો છે. જ્યાં સુધી ફિટનેસ અનેશરીર મંજુરી આપશે ત્યાં સુધી તે ક્રિકેટ રમવા ઈચ્છુક છે. તેનું કહેવું છે કે ક્રિકેટ રમવાને લઈને તે હાલ રોમાંચકતા અનુભવી રહ્યો છે. બેંગ્લોરમાં એવોર્ડ કાર્યક્રમમાં ૨૦૧૧નાં ક્રેસ્ટ્રોલ ટેસ્ટ ક્રિકેટર ઓફ ધ યરનો એવોર્ડ જીતી લીધા બાદ સચિને આ મુજબની પ્રતિક્રિયા આપી હતી. સૌરવ ગાંગુલી, રાહુલ દ્રવિડ, વીવીએસ લક્ષ્મણ જેવા તેનાથી મોડેથી ટીમમાં આવેલા સ્ટાર ખેલાડીઓ નિવૃત્તિ લઈ ચુક્યા છે ત્યારે સચિન હજુ

પણ રમી રહ્યો છે. શ્રીલંકા સામે વન-ડે મેચમાં ડબલ સદી ફટકારવા બદલ ખાસ એવોર્ડ મેળવી ચુકેલા વિરેન્દ્ર સહેવાગે કહ્યું હતું કે તે ભારત તરફથી ૧૦૦ ટેસ્ટ મેચ રમવાની યોજના ધરાવે છે. સહેવાગે કહ્યું હતું કે કોઈપણ સ્વરૂપનાં ક્રિકેટમાં જ્યારે તે બેવડી સદી ફટકારે છે ત્યારે તે કોઈપણ વિશેષ ભાવના અનુભવ કરતો નથી. આઉટ થઈ જવા માટે હવે ભુલ કરશે તેમ વિચારણા કરવા તે તક આપતો નથી. સહેવાગે કહ્યું હતું કે જ્યારે સચિન તેન્ડુલકર પ્રથમ વન-ડે સદી નજીક પહોંચ્યો ત્યારે તે પણ આવી રીતે વિચારી રહ્યો ન હતો. પર્ફોમન્સ અંડર પ્રેશર એવોર્ડ મેળવનાર ગૌતમ ગંભીરે કહ્યું હતું કે છેલ્લા બે ટ્વેન્ટી-૨૦ વર્લ્ડ કપ ટીમ ઈન્ડિયા માટે નિરાશાજનક રહ્યા છે. પ્રથમ ટ્વેન્ટી-૨૦ વર્લ્ડકપમાં ભારતે જીત મેળવી હતી. ટીમ ઈન્ડિયા આ વખતે ૧૦૦ ટકા દેખાવ કરીને દેખાવ કરીને કપ જીતવા પ્રયાસ કરશે. વિશ્વકપ ભારતને જ મળશે તેવી આશા ગંભીરે વ્યક્ત કરી હતી. લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ મેળવનાર અજીત વાડેકર અંગે સચિને કહ્યું હતું કે ભુતપુર્વ ભારતીય કેપ્ટન શ્રેષ્ઠ કોચ છે. વાડેકર મેદાનમાં ઉતરતા પહેલા ટીમને માનસીક રીતે તૈયાર કરવાની કલાકારી જાણે છે.

અરૂણાચલ પ્રદેશ દેશનો અભિન્ન ભાગ છે : કેન્દ્ર

નવી દિલ્હી, તા.૩૦

પડોશી રાષ્ટ્ર ચીન દ્વારા સરહદી રાજ્ય અરૂણાચલ પ્રદેશના એક મોટા ભાગ પર દાવો કર્યાની વચ્ચે ભારતે આજે સ્પષ્ટ કહી દીધું હતું કે, અરૂણાચલ પ્રદેશ એ ભારતનો અભિન્ન ભાગ છે. જેમાં કોઈપણ દેશની દખલગીરી સાંખી નહીં લેવાય. કેન્દ્રીય વિદેશ રાજ્યમંત્રી છે. અહેમદે કહ્યું હતું કે, ચીન અરૂણાચલ પ્રદેશના અંદાજે ૯૦ હજાર વર્ગ કિલોમીટરના ભારતીય ક્ષેત્ર પર દાવો કરી રહ્યું છે. એહમદે કહ્યું હતું કે, ચીન ગેરકાયદે આ ક્ષેત્રને દક્ષિણી તિબેટ નામ આપે છે. ચીનને સ્પષ્ટ કહી દેવામાં આવ્યુ છે કે અરૂણાચલ પ્રદેશ ભારતનો અભિન્ન રાજ્યસભામાં વિપક્ષના નાયબ નેતા રવિશંકર પ્રસાદે પૂછેલા પ્રશ્નોનો લેખિતમાં જવાબ આપતાં એહમદે કહ્યું હતું કે, દક્ષિણ ચીન સમુદ્રના વિસ્તારમાં સંપ્રભુતાના સંબંધમાં ત્યાંના ઘણા દેશો વચ્ચે વિવાદ છે. ભારત આ વિવાદનો ભાગ નથી. એહમદે કહ્યું હતું કે, ભારતે ઘણી વખત પોતાનું વલણ સ્પષ્ટ કરતાં કહ્યું છે કે આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ સ્વીકૃત સિદ્ધાંતો મુજબ નૌકાદળની સ્વતંત્રતા, પારગમનનો અધિકાર વગેરેનું સમર્થન કરે છે. આ વિવાદનો ઉકેલ આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર શાંતિપૂર્ણ રીતે આવવો જોઈએ.

કોફી હાઉસ (પાના નં. ૪ નું ચાલુ)

- **સારા મનોરમ્ય વાતાવરણ માટે સ્વર્ગમાં જાઓ અને સારી કંપની માટે નર્કમાં** - **માર્ક ટ્વેઇન**
- **માણસ જ્યારે જાહેર કરે છે કે પોતે જુઠ્ઠો છે... ત્યારે જ તે સૌથી વધુ વિશ્વાસ પાત્ર હોય છે** - **માર્ક ટ્વેઇન**
- **તમારા શિક્ષણના રસ્તામાં સ્કૂલને ના આવવા દેશો** - **માર્ક ટવેઇન**
- **જો આજે રાતે તમે એવું કંઇ કરવા જઇ રહ્યાં છો જેના માટે કાલે સવારે તમને પસ્તાવો થવાનો છે... તો મોડા સુઇ જાઓ** - **હેન્રી યંગમેન**
- **જે સત્ય બોલતો નથી એ મારૂં બોલેલું સત્ય સ્વીકારતો નથી** - **કન્નડ કહેવત**
- **દરેક પેઢીમાં કોઇ એકાદ મૂર્ખ તો એવો હોવો જ જોઇએ જે સત્યને એનાં ખરાં સ્વરૂપમાં રજૂ કરે** - **બોરિસ**
- **હું ઓછું વિચારૂં છું માટે વધારે સમજી શકું છું** - **નિજીન્સકી**

- ch9723367947@yahoo.com

આસામમાં હિંસાનો દોર હજુ જારી : મૃતાંક વધી ૯૫ થયો

ગુવાહાટી, તા.૩૦

આસામમાં સાંપ્રદાયિક હિંસાનો દોર હજુ પણ યથાવત્ રીતે જારી રહ્યો છે જેથી ઝડપથી મોતનો આંકડો વધીને ૫૫ ઉપર પહોંચી ગયો છે. વધુ સાતના મૃતદેહ હાથ લાગ્યા છે જેથી તંત્ર પણ હચમચી ઉઠ્યું છે. વધુ એક જિલ્લામાં સંચાર બંધી અમલી બનાવવાનો નિર્ણય લેવાયો છે. રાજ્ય સરકારે તમામ પ્રકારના બંધ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો છે. સત્તાવાર સૂત્રોએ માહિતી આપતા જણાવ્યું છે કે ધેમાજીમાં વધુ બે મૃતદેહ તથા ઢુબરી, ચિરાંગ, બક્સા અને કોકરાઝાર જિલ્લામાંથી વધુ પાંચના મૃતદેહ મળી આવ્યા છે.

આમાથી મોટાભાગના મૃતદેહ કેમ્પમાં રહેતા શરણાર્થીના હોવાનું જાણવા મળ્યું છે. આસામમાં પોલીસ મહાનિર્દેશક (કાયદો અને વ્યવસ્થા) એલઆર બિસ્નોઈએ કહ્યું છે કે મોતનો આંકડો વધીને ૯૫ ઉપર પહોંચ્યો છે. હિંસાને રોકવા અને લોકોમાં વિશ્વાસ જગાવવાના હેતુસર સેના ફ્લેગમાર્ચ કરી રહી છે. પોલીસ અને સુરક્ષા દળોએ તમામ વિસ્તારોમાં મોરચા સંભાળી લીધા છે. મધ્ય આસામમાં સોનીતપુર જિલ્લામાં અચોક્કસ મુદતની સંચાર બંધી લાગુ કરી લેવામાં આવી છે. અહીં ઓલ આસામ માઈનોરિટી સ્ટુડન્ટ યુનિયનના બંધ દરમિયાન હિંસા ભડકી ઊઠી હતી. આસામના પાંચ જિલ્લાઓમાં સંચાર બંધી લાગુ કરવામાં આવી છે જેમાં કોકરાઝાર, ઢુબરી, ચિરાંગ, બક્સનો સમાવેશ થાય છે. દરમિયાન કેન્દ્ર સરકારે બંધની હાકલ કરવાની બાબત પણ ચિંતા વ્યક્ત કરી છે. જેના લીધે રાજ્ય સરકારે તરત જ કાર્યવાહી કરીને મહિના સુધી તમામ પ્રકારના બંધ ઉપર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. સરકારના પ્રવક્તા અને વરિષ્ઠ પ્રધાનનું કહેવું છે કે બંધ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય મુખ્યમંત્રી તરુણ ગોગોઈના નેતૃત્વમાં ઉચ્ચસ્તરીય બેઠકમાં લેવામાં આવ્યો છે. રાજ્યમાં ૯૦ ટકા હિંસા સતત બંધના કારણે થઈ છે જેના લીધે અર્થતંત્રને માઠી અસર થઈ છે.